ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ભૂકંપના આંચકાથી નગરમાં દોડધામ







## શહેરના હાઈરાઈઝ બિલ્ડીંગો ધ્રુજ્યા : બે ઘડી માટે નાસભાગ મચી જવા પામી : હળવા આંચકાથી નગરજનો ભયભીત : ભૂકંપનો મુદ્દો ટાક ઓફ ધ ટાઉન

ગાંધીનગર, તા ૧૨

નેપાળમાં ધરતીકંપના ભારે આંચકાની અસરથી બપોરે ગાંધીનગરની ધરા ફરી ધ્રુજી ઉઠી હતી. ૧૨:૩૫ કલાકે હળવી તિવ્રતાનો આંચકો અનુભવાયો હતો. નેપાળના ચોતારા વિસ્તારમાં ૭.૧ની તિવ્રતાનો ધરતીકંપ આવતા દેશમાં ભૂકંપના આંચકાની અસર વર્તાઈ હતી.જયારે ગુજરાતમાં પણ ધરા ધ્રજી હતી. ગાંધીનગર અને અમદાવાદ સહિતના શહેરમાં નાગરિકોએ અગાઉની જેમ આંચકો અનુભવ્યો હતો.ધરતીકંપના હળવા આંચકાની અસરથી નાગરિકોમાં ફફડાટ પ્રવર્તાયો હતો.ધરતીકંપના આંચકાથી સચિવાલય અને વિધાનસભાનું બિલ્ડિંગ પણ ધ્રુજી ઉઠયું હતું. અચાનક ધરતીકંપથી ધરા ધ્રજી ઉઠતાં કર્મચારીઓ કચેરીઓમાંથી બહાર દોડી આવ્યા હતા. કર્મચારીઓમાં પણ બે ઘડી દોડધામ મચી જવા પામી હતી. થાડીવાર માટે ઓફિસો ખાલીખમ થઈ ગઈ હતી. ધરતીકંપના ફફડાટથી કર્મચારીઓ થોડીવાર માટે ઓફિસમાં પ્રવેશ્યા ન હતા. બીજીતરફ નગરના હાઈરાઈઝ બિલ્ડીંગોમાં પણ ધરતીકંપના આંચકાથી દોડધામ મચી જવા પામી હતી. ૨૦ દિવસમાં બીજીવાર ધરતીકંપનો આંચકો આવતા નગરજનોમાં ભય સાથે ફફડાટ પ્રવર્તયો હતો.

નગરના સુમન ટાવર ,મેઘમલ્હાર કોમ્પલેક્ષ,અને અભિષેક સહીતના હાઈરાઈઝ બિલ્ડીંગોમાં આંચકાની અસર વર્તાઈ હતી.જેના લીધે વેપારીઓ અને મુલાકાતીઓમાં નાસભાગ મચી જવા પામી હતી.ધરતીકંપના લીધે કોર્મશિયલ કોમ્પલેક્ષમાંથી વેપારીઓ ભયભીત થઈ બહાર દોડી આવ્યા હતા. ભૂકંપના સમાચાર વાયુવેગે પ્રસરતા કુતુહલ અને ઉત્તેજના સાથે તરેહ તરેહની ચર્ચાએ જોર પકડયુ હતું.નવા ગાંધીનગરના વિસ્તારમાં પણ હાઈરાઈઝ બિલ્ડીંગોમાં આંચકાની અસર વર્તાઈ હતી જેના લીધે બે ઘડી ભયનો માહોલ સર્જાયો હતો. ૨૦ જ દિવસમાં બીજીવાર ધરા ધ્રુજતા નાગરિકોમાં ભય પ્રવર્તયો હતો. વોટસ એપ પર ભૂકંપના મેસેજ ફરતા થતા થોડીવાર માટે વાતાવરણ વધુ ભયભીત બની ગયુ હતુ.સચિવાલય અને વિધાનસભાના બિલ્ડીંગ સહિત અન્ય સરકારી બિલ્ડીંગોમાં પણ ધરતીકંપના આંચકાથી કર્મચારીઓ ગભરાઈ ગયા હતા દિવસ દરમિયાન ધરતીકંપની ચર્ચાનું જોર રહયું હતું. ગાંધીનગર ઉપરાંત અમદાવાદમાં પણ ધરતીકંપનાં આંચકાથી દોડધામ અને ભયનો માહોલ સર્જાયો હતો. શહેરમાં હાઈરાઈઝ બિલ્ડીંગોમાં આંચકો વિશેષ અનુભવાયો હોવાથી ખાસ કરીને વેપારીઓ, તેમજ મુલાકાતીઓમાં દોડધામ મચી જવા પામી હતી. બપોરના સમયે હળવો આંચકો આવવાથી શહેરનાં હાઈરાઈઝ બિલ્ડીંગો પણ ધ્રજી ઉઠયા હતા. જેના લીધે સફાળા જાગેલા વેપારીઓ બિલ્ડીંગ નીચે દોડી આવ્યા હતા.અગાઉની જેમ ગાંધીનગરમાં પણ રહેણાંકના ફલેટ ઉપરાંત હાઈરાઈઝ બિલ્ડીંગોમાં પણ નાગરિકોએ આંચકાની અસર અનુભવી હતી.

## સે ૨૧માં ફુવારા દુર કરવાની વિચારણા સામે જાગૃત નાગરીકોનો વિરોધ

ગાંધીનગર, તા ૧૨

શહેરના મુખ્ય શોપીંગ સેન્ટર સે ૨૧માંથી ફૂવારા દુર કરી પાર્કિંગ બનાવવાની યોજના સામે શહેર જાગૃત નાગરિક પરિષદે વિરોધ વ્યકત કર્યો છે. શોપીંગ વિસ્તારની રોનક ગણાતા ફૂવારા જાળવણીના અભાવે બંધ કરવાની વિચારણા યોગ્ય ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. નગરના જાગૃત નાગરિકોએ આ ફુવારા ચાલુ કરવા માંગ કરી છે.

શહેરના મુખ્ય શોપીંગ સેન્ટર સે ૨૧માં અગાઉ લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા ફૂવારા દુર કરી આ ઠેકાણે પાર્કિંગ બનાવવાની યોજના હાલ વિચારણા હેઠળ છે. વર્ષો પૂર્વ નિર્માણ કરાયેલા ફૂવારાથી સેકટરના શોપીંગની રોનક નિખરી ઉઠી હતી. પરંતુ ફૂવારાની યોગ્ય જાળવણી ન થતા ટુંકા સમયગાળામાં જ રાનક ઓસરી ગઈ હતી. જેના પરિણામે છેલ્લા સાત વર્ષથી વધુ સમયથી આ ફૂવારા બંધ હાલતમાં છે. લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા ફૂવારાનો કિંમતી સામાન પણ ચોરાઈ ગયો છે. થોડા સમય અગાઉ રાજયના મુખ્ય સચિવે આ વિસ્તારની મુલાકાત લઈ આ મામલે ત્વરિત પગલા લેવા વિભાગના અધિકારીઓને જરૂરી સુચના આપી હતી. જયારે આ ઠેકાણે ફૂવારા દુર કરી પાર્કીંગ બનાવવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.બીજીતરફ વિભાગના આ નિર્ણય સામે શહેર જાગૃત નાગરિક પરિષદે આક્રોશ વ્યકત કર્યો છે. જાગૃત નાગરિક પરિષદના કાર્યવાહક પ્રમુખ જયોતિન્દ્ર દવેના જણાવ્યા મુજબ રજાના અનો તહેવારના દિવસોમાં શોપીંગ વિસ્તારમાં ભારે ભીડ જામતી હોય છે. આવા સંજોગોમાં ખુલ્લી જગ્યા હોવાની અનિવાર્યતા હોય છે. આવા સંજોગોમાં માત્ર જાળવણીના અભાવે ફૂવારા દુર કરવા યોગ્ય નથી.સ્વર્ણિમ પાર્કની જેમ ચોકીદારની વ્યવસ્થા કરી જાળવણી કરવાની અનિવાર્યતા છે.

## મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથનને વધુ એક વર્ષનું એક્ષટેન્શન

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથનને વધુ એક વર્ષ માટે એક્ષટેન્શન આપવામાં આવ્યું છે.



રાજયના મુખ્યમંત્રીના અગ્ર સચિવ પદેથી નિવૃત્ત થયા બાદ કે. કૈલાસનાથનને મુખ્ય અગ્ર સચિવ તરીકે નિમણુંક કરવામાં આવી હતી તેમની મુદત ૩૧મી મે ૨૦૧૫ના રોજ પૂર્ણ થઈ રહી છે તે પૂર્વે જ આજે રાજય સરકારે કે. કૈલાસનાથનને મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ તરીકે વધુ એક વર્ષના સમય માટે એક્ષટેન્શન આપીને ચાલુ રાખવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ૩૧મી મે ૨૧૦૫ના રોજ રાજયના મુખ્ય સચિવ ડી.જે. પાંડીયન પણ વયનિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે તેમને પણ ૬ મહીના માટે એક્ષટેન્શન આપવા માટેની એક દરખાસ્ત રાજય સરકારે કેન્દ્ર સરકારને મોકલી આપી છે.

## સરકારી આવાસ મેળવવા માટે વિભાગના ચોપડે ૧૧૦૦ કર્મચારીઓની પ્રતિક્ષાયાદી

### સરકારી આવાસો ઉપલબ્ધ ન હોવાથી યાદી મોટી બનતી જાય છે

ગાંધીનગર તા ૧૨

શહેરમાં સરકારી આવાસોના રિનોવેશનની કામગીરી ચાલી રહી છે. જયારે બીજીતરફ નિકાલ હેઠળના મકાનો પણ તોડવામાં આવી રહયા છે. આવા સંજોગોમાં કર્મચારીઓને આવાસ ફાળવવાનુ મુશ્કેલ બન્યું છે. સરકારી આવાસોની ઘટના લીધે મકાન માટે કર્મચારીઓની પ્રતિક્ષાયાદી પણ મોટી થતી જાય છે.હાલની સ્થિતિએ વિભાગ કક્ષાએ પ્રતિક્ષાયાદીમાં ૧૧૦૦ અરજદારોના નામ છે. સરકારી આવાસો ખાલી થાય ત્યારબાદ જ આ સઘળા અરજદારોને મકાન ફાળવી શકાય તેમ છે.

ગાંધીનગરમાં દાયકાઓ પૂર્વે નિર્માણ કરાયેલા સરકારી મકાનો હાલ ખંડેર હાલતમાં છે. જયારે શહેરમાં સ્થિત ૧૬૦૦૦ જેટલા સરકારી આવાસો પૈકી ૧૯૦૦ મકાનો નિકાલ હેઠળના જાહેર કરાયા બાદ આ જોખમી મકાનો તોડવાનુ કામ અત્યારે તિવ્રગતિએ ચાલી રહયું છે. નિકાલ હેઠળના મકાનોની જગ્યાએ ટાવર કોલોની બનાવવાનુ આયોજન કરવામાં આવ્યું છે.પરંતુ ટાવર કોલોની તૈયાર થતા હજુ ઘણો સમય લાગે તેમ છે. આવા સંજોગોમાં કર્મચારીઓને મકાનો ફાળવવાનુ કામ મુશ્કેલ બન્યું છે. માર્ગ મકાન વિભાગ પાસે ખાલી આવાસો ન હોવાથી દિનપ્રતિદિન પ્રતિક્ષાયાદી મોટી બનતી જાય છે. કર્મચારીગણ પણ આવાસોની પૂછતાછ માટે રોજબરોજ વિભાગની કચેરીએ ધક્કા ખાય છે.પરંતુ મકાનોની ઉપલબ્ધીના અભાવે આવાસો ફાળવી શકાતા નથી. હાલ સરકારી આવાસો તોડવાનુ તેમજ આવાસોના મજબૂતીકરણનુ કામ મુખ્ય હોવાથી આમપણ આવાસોનો મામલો વિભાગકક્ષાએ શિરર્દદ

● અનુસંધાન પાન-૭ પર

## આંગણવાડીઓના ૮૮ હજાર બાળકોને ખાદ્ય સામગ્રી મળી

### આનંદીબેન પટેલે કુપોષિત બાળકો અને ગરીબ શ્રમજીવી પરિવારોના ભુલકાને પોષણક્ષમ બનાવવા કરેલી અપીલ

અમદાવાદ, તા.૧૨

આગંણવાડીના ૮૮૦૦૦થી વધુ બાળકોને ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું છે સાથે સાથે આગંણવાડી કાર્યકર બહેનોને સ્થળ પર જ ફાળવણી કરવામાં આવી હતી. દરમિયાન મુખ્યમત્રી આનંદીબેન પટેલે કુપોષિત બાળકો તથા ગરીબ શ્રમજીવી પરિવારોના ભુલકાઓને પોષણક્ષમ બનાવવા અપીલ કરી હતી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જાહેર સમારંભોમાં ફુલહાર-પુષ્પગુચ્છ બદલે ફુટ-ફળફળાદિ, પોષક આહાર કઠોળથી સ્વાગત-સન્માન કરવવાની શરૂ કરલી નવતર પરિપાટીએ ૧૬,૮૨૩-૫૦૦ કિલોગ્રામ આવી ખાદ્યસામગ્રી પ્રાપ્ત થઈ છે. આનંદીબેન પટેલ આંગણવાડીઓના કુપોષિત બાળકો તથા ગરીબ શ્રમજીવી પરિવારોના ભુલકાંઓને તંદુરસ્ત-પોષણક્ષમ બનાવવાના માતૃવાત્સલ્ય ઉદાત ભાવ સાથે તા. ૨૮મી મે-૨૦૧૪ના રોજ મોરબી ખાતેના કુષિ મહોત્સવ શુભારંભ વેળાએ આ નવતર પરંપરા શરૂ કરાવી હતી તે સિલસિલાએ બવે એક સમાજચેતના આંદોલનનું રૂપ ધારણ કરી લીધું છે. તદઅનુસાર મુખ્યમંત્રીના વિવિધ જાહેર કાર્યક્રમોમાં તેમનું સ્વાગત-અભિવાદન ફુલ નહિં-ફુટથી થાય છે અને સાથે કઠોળ, સીંગ-ચણા, સુખડી ગોળ જેવો પૌષ્ટિક આહાર પણ નાગરિક સમુદાયો સ્વાગતમાં આપે છે. અત્યાર સુધીમાં જે ૧૬,૮૨૩-૫૦૦ કિ.ગ્રામ આવી ખાદ્યસામગ્રી પ્રાપ્ત થઈ છે. તેનું રાજયની ૪.૩૫૬ આંગણવાડીઓના ૮૮,૦૦૦ ઉપરાંત ભુલકાંઓને વિતરણ પણ કરી દેવામાં આવ્યું છે. મુખ્યમંત્રીની આ અભિનવ નિર્ણયાત્મક પહેલમાં સુર પુરાવતા રાજય મંત્રીમંડળના મંત્રીઓ, પદાધિકારીઓના જાહેર કાર્યક્રમો પણ સ્વાગત-સન્માન આવી પોષક ખાદ્યસામગ્રીથી કરવાની સદભાવ સંસ્કૃતિ હવે વિકસી છે. આનંદીબેન આવા જાહેર સમારંભોમાંથી મળતી પોષક આહાર, ફરફળાદિ સામગ્રી જે-તે સ્થળે આંગણવાડી કાર્યકર બહેનોને ઉપસ્થિત રાખીને કાર્યક્રમ દરમ્યાન જ સીધી જ તેમના હાથમાં આપે છે. મુખ્યમંત્રી ગુજરાતની ઉજ્જવળ તંદુરસ્ત-સ્વસ્થ આવતીકાલના નિર્માણ માટે કુપોષણમુક્ત ગુજરાતની પ્રતિબધ્ધતાને વાસ્તવિક સ્વરૂપે સાકાર કરવાની દિશાનું આ અનુકરણીય કદમ બન્યું છે.



ગલી ક્રિકેટ - વેકેશનના પગલે ચોકઠે-ચોકઠે અને ગલીએ-ગલીએ ક્રિકેટનો માહોલ છવાયો છે... પાંચ-સાત મિત્રો ભેગા થઈ સવારે ત્રણ કલાક અને સાંજે બે-ત્રણ કલાક ક્રિકેટ રમી આનંદ માણે છે... ગામડાની ગીલી-દંડા અને લટ્ટીઓની રમતોના સ્થાને આજે શહેરની પોળો અને શેરીઓમાં ક્રિકેટે સ્થાન લીધું છે... ક્રિકેટનો મેનિયા એટલો વ્યાપક પ્રમાણમાં પથરાયો છે કે રાતદિવસ ખૂણે ખાંચરે માત્ર ને માત્ર ક્રિકેટ જ રમાય છે... રમતમાં સારું છે, શરીર કેળવાય છે, એકાગ્રતા વધે છે, ધ્યેય નિશ્ચિત થાય છે... બધા જ પાસા જીવનલક્ષી છે પરંતુ અતિશયોક્તિ ક્યારેક પરેશાની સર્જે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

**જાહેર સુચના**

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગર, મું. રાંધેજાના ચિલોડા સબયાર્ડ ખાતે આવેલ વે-બ્રીજ બજાર સમિતિની શરતો અને બોલીઓ મુજબ ભાડે ચલાવવા આપવાનો છે. તો રસ ધરાવતા ઠેકેદારોએ દિન-૧૦માં બજાર સમિતિની રાંધેજા કચેરીએ આવી પોતાના ભાવ સીલબંધ કવરમાં આવી જવા.

**સમય : સવારે ૧૦-૩૦ થી ૧૬-૦૦**

સેક્રેટરી

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગર, મુ.રાંધેજા**

માર્કેટ યાર્ડ, રાંધેજા, તા.જી. ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૯૭૫૩૫૭

**જાહેર સુચના**

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના બજાર વિસ્તાર ગાંધીનગર તાલુકો તથા ગાંધીનગર શહેરી વિસ્તારમાં ખેતી ઉત્પન્નનો વેપાર કરતાં જેવા કે અનાજ, કઠોળ, તેલીબીયાં તથા ફળ અને શાકભાજીનો વેપાર કરતા તમામ વેપારીઓને આથી સુચના આપવામાં આવે છે કે, દિન-૧૦માં બજાર સમિતિની કચેરીએ રૂબરૂ આવી ફોટો, ફોટો આઈડી, પાનકાર્ડ વિગેરે લાવી જરૂરી ફોર્મ ભરી લાયસન્સ મેળવી લેવું. લાયસન્સ વિના વેપાર કરવો તે બજાર દ્વારા અન્વયે ગુનો બને છે.

સેક્રેટરી

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગર, મુ.રાંધેજા**

માર્કેટ યાર્ડ, રાંધેજા, તા.જી. ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૯૭૫૩૫૭

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા


CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭




SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com